ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# અઢી દાયકા પુર્વે નિર્માણ કરાયેલા રાજીવગાંધી સ્મૃતિ વનમાં હવે નામેય વૃક્ષ નથી..!!!

ગાંધીનગરમાં ચ-૩ પાસે સ્થિત રાજીવ ગાંધી સ્મૃતિ વન ક્યારે ખુલ્લુ મુકવામાં આવ્યુ અને તેમાં કેટલા વૃક્ષો છે ? ઉનાના ધારાસભ્ય પુંજાભાઇ વંશના આ પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ રાજીવ ગાંધી સ્મૃતિ વન તા ૨૦ ઓગષ્ટ વર્ષ ૧૯૯૧ ના રોજ ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ જયારે જૈવિક પરિબળોને કારણે તેમજ ગરબાના આયોજનના લીધે સ્મૃતિવનમાં વૃક્ષો હયાત ન હોવાનુ પણ ઉત્તરમાં જણાંવાયુ છે. સ્મૃતિ વનની જાળવણી પાછળ અત્યાર સુધી કોઇ રકમની ફાળવણી કરવામાં આવી નથી.

- **ગૌચરની જમીનમાં ૯૫.૩૧ હેક્ટરમાં દબાણનો અડ્ડો**

ગાંધીનગર જિલ્લાની ગૌચરની જમીનમાં કેટલા દબાણો થયા છે દબાણોદુર કરવા માટે સરકારે શુ આયોજન કર્યુ અને કેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી ? કપડવંજના ધારાસભ્ય કાળાભાઇ ડાભીએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં ૯૫.૩૧ હેકટરમાં ગૌચરની જગ્યામાં દબાણો થયા છે. જેમાં દહેગામ તાલુકામાં સૌથી વધુ ૪૨.૬૫ હેકટર ક્ષેત્રફળ વિસ્તારમાં દબાણો થયા હોવાનુ જણાંવાયુ છે. ગૌચરની જમીનમાં દબાણો દુર કરવા માટે ગ્રામ પંચાયતની અધિનિયમ -૧૯૯૩ની કલમ ૧૦૫ની જોગવાઇ મુજબ ગૌચરના દબાણો દુર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતોની છે. આ મામલે જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠકમાં સમયાંતરે સમીક્ષા પણ કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૩૦.૮૮ હેકટરમાં જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

- **જિલ્લાની ૩૦૨ ગ્રામ પંચાયતોને ૬૩.૬૬ કરોડની ગ્રાન્ટ**

ગાંધીનગર જિલ્લા પંચાયતોને તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં પંચાયત મંત્રીએ આપેલા જવાબ મુજબ જિલ્લાના ચારેય તાલુકાઓની ૩૦૨ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રામ પંચાયતોને કુલ ૬૩.૬૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે આ અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે ઉત્તરમાં જણાંવ્યા મુજબ દહેગામ તાલુકામાં ૧૦.૨૭ કરોડનો ખર્ચ થયો છે. જયારે ગાંધીનગર તાલુકામાં ૧૦.૭૫ કરોડ , અને કલોલમાં ૧૧.૯૨ કરોડ અને માણસા તાલુકામાં ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે જિલ્લામાં કુલ ૪૨.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

- **આંગણવાડીમાં ૩૬૪૮ બાળકો કુપોષણનો ભોગ**

ગાંધીનગર જિલ્લામાં કેટલી આંગણવાડી છે અને આ આંગણવાડીમાં કુપોષિત બાળકો કેટલા છે તેના માટે શુ કાર્યવાહી કરવામાં આવી છે ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના આ પ્રશ્નના જવાબમાં મહીલા અને બાળ કલ્યાણ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં કુલ ૧૦૬૮ આંગણવાડી

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

**વિદ્યાર્થીઓના સુવર્ણ ભવિષ્ય માટે શિક્ષણમંત્રીએ ગુલાબનુ ફુલ અને ચોકલેટ આપી શુભેચ્છા પાઠવી : ગુજરાતીમાં ૩૬૧ વિદ્યાર્થીઓ ગેરહાજર**

**ભૌતિક શાસ્ત્રમાં ૧૬ અને નામાના મુળતત્વોમાં ૫૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : જિલ્લામાં એકપણ કોપી કેસ નોંધાયો નથી : શિક્ષણતંત્ર**





ગાંધીનગર તા ૧૨

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો આજે શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઇસ્કુલમાં તેમજ રાજય મંત્રી વિભાવરીબેન દવેએ સે-૭ જે એમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલયમાંગુલાબનુ ફુલ અને ચોકલેટ આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવતા જણાંવ્યુ હતુ કે રાજયમાં ૧૫.૧૫ લાખ વિદ્યાર્થીઓ આજથી બોર્ડની કસોટી આપશે. જયારે આ વિદ્યાર્થીઓ માટે ૧૫૪૫ જેટલા સેન્ટરો ૫૪૮૩ જેટલી શાળાઓના સંકુલમાં ૬૦૩૩૮ વર્ગખંડોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઇ પટેલ , જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ , આચાર્ય બચુભાઇ પટેલ ડો ચેતના બુચ સહીત સંસ્થાના શિક્ષકો અન પણ દ્યિાર્થીઓને શુભેચ્છા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. છેલ્લા બે વર્ષથી બોર્ડ પરીક્ષાનુ આયોજન જેલમાં પણ કરવામાં આવે છે. રાજયમંત્રી વિભાવરીબેન દવેએ પણ વિદ્યાર્થીઓને ચોકલેટ અને ગુલાબનુ ફુલ આપી વિદ્યાર્થીઓના સુવર્ણ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના વડા હરિભાઇ ચૌધરી, શંકરભાઇ ચૌધરી કેમ્પસ ડાયરેકટર યશવંત ચૌધરી સહીત શિક્ષકો અને ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહયા હતા. ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૨૪૯૯૧ એગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૩૬૧ ગેરહાજર રહયા હતા. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર અને પંચાયત વિષયની ૧૦૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧ વિદ્યાર્થી ગેરહાજર રહયો હતો. આ ઉપરાંત ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૦૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૯૬૪ વિદ્યાર્થીઓએ નામાના મુળ તત્વો વિષયની પરીક્ષા આપી હતી.

જયારે ૫૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.ધોરણ -૧૦ માં ગુજરાતીનુ પ્રશ્નપેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ આનંદમાં આવી ગયા હતા. પરીક્ષાની સારી શરૂઆતના લીધે વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાયો હતો. શહેરની સેન્ટ ઝેવિર્યસ શાળામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે તમામ પરીક્ષાના વર્ગખંડોમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જયારે સી સી ટી વી કેમેરાની વોચ ન હોય તેવા ઠેકાણે ટેબલેટની પણ ગોઠવણ કરવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એકપણ કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.

## ભૌતિકશાસ્ત્રનુ પેપર સરળ અને પુસ્તક આધારિત

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ભૌતિકવિજ્ઞાનનુ પેપર પણ એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. કીશોર કલાસીસના વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતે આ અંગે જણાંવ્યુ હતુ કે જેમાં ૫૦ ગુણના એમ સી ક્યુ અને ૫૦ ગુણના દાખલા અને થિયરી પુછાયા હતા. સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત રોહીત રાવલ અને જિજ્ઞેશ પટેલે પણ ભૌતિક શાસ્ત્રનુ પેપર પણ સરળ નિકળ્યુ હોવાનુ જણાવ્યુ હતુ. એમ સી કયુ પુસ્તક આધારિત અને સરળ પુછાતા વિદ્યાર્થીઓને મજા પડી હતી. થિયરીના પ્રશ્નો થોડા વધુ પુછાતા કેટલાક વિદ્યાર્થીઓને સમય ખુટયો હતો. જો કે મહેનતુ વિદ્યાર્થીઓને કોઇ તકલીફ પડી ન હતી.

## સેન્ટ ઝેવિયર્સમાં એક વિકલાંગ વિદ્યાર્થીએ ઉભાપગે પરીક્ષા આપી !!

શહેરની સેન્ટ ઝેવિર્યસ શાળામાં શિક્ષણતંત્ર દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ માટે લહીયાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ નીચેના બ્લોકમાં જ બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે આ બ્લોકમાં ધોરણ -૧૦ ના એક વિદ્યાર્થીએ પગની તકલીફ હોવાના લીધે ઉભા ઉભા જ પરીક્ષા આપી હતી.



## ગુજરાતીનુ પેપર અત્યંત સરળ વિદ્યાર્થીઓ ખુશ

ધોરણ -૧૦ માં પરીક્ષાના પ્રારંભે ગુજરાતીનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ગેલમાં આવી ગયા હતા.પ્રશ્નપત્રમાં મોટાભાગના પ્રશ્નો સરળ હતા. જયારે દિકરી ઘરની દિવડી, પ્રવાસનુ મહત્વ અને માતૃભાષાનુ મહત્વ સહીતના વિષયો અંગે નિબંધ પુછાયા હતા. નિબંધો પણ લખવામાં વિદ્યાર્થીઓ માટે સરળ રહયા હતા. જયારે ખેલ મહાકુંભમાં નાની બહેનનો પ્રથમ નંબર અને અતિવૃષ્ટિનો અહેવાલ પુછાયો હતો. એકંદરે ગુજરાતીનુ પેપર વિદ્યાર્થીઓ માટે અત્યંત સરળ પુરવાર થયુ હતુ.

## આરાધના સ્કુલમાં વિદ્યાર્થીઓ માટે બેસવાનુ પણ કસોટીરૂપ !!

બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ શાંતિપુર્ણ માહોલમાં નિર્ભય બનીને કસોટી આપી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ શિક્ષણતંત્ર જણાંવે છે. પરંતુ આરાધના સ્કુલમાં વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થાને અનુલક્ષી વિશેષ પરેશાન જોવા મળ્યા હતા. નીચી બેન્ચીસમાં બેસવાનુ વિદ્યાર્થીઓ માટે જરાપણ કમ્ફર્ટેબલ રહયુ ન હતુ. બીજીતરફ ઉંચી પાટલીઓ પણ ખાલી પડી હોવાછતા તેનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આવા સંજાગોમાં વિદ્યાર્થીઓએ ત્રણ કલાક સુધી બેસી રહેવાનુ પણ આકરી કસોટીરૂપ બન્યુ હતુ.

## શ્રદ્ધાંજલિ



**લાલજીભાઈ બારોટ**

સ્વર્ગવાસ તા. ૧૦-૩-૨૦૧૮

આપની અણધારી વિદાયથી કલા જગતમાં
એક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે....
આપની શરણાઈના સૂર થંભી ગયા છે...
આપનો મિલનસાર સ્વભાવ ક્યારેય ભૂલી નહિ શકાય...
ગાંધીનગરના કલાપ્રેમીઓ આઘાતની લાગણી અનુભવીએ છીએ..

**ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના..**

મુંજાલ રાવલ — નિતિન દવે
કિરીટ પુજારા — ડો. પ્રેમલ ત્રિવેદી
પિયુષ અગોલા — જયેશ પંચોલી
કુંતલ નિમાવત — કશ્યપ નિમાવત

**નગરના સર્વે કલાકારો અને કલાકાર વૃંદો**

**MOUNT CARMEL SCHOOL**

Sector-21, Gandhinagar

**NEED TEACHERS**

We welcome young and aspiring applicants for the following posts. Interested candidates are requested to meet the Principal with educational certificates

on 19th March-2018 (Monday)
Time : 10 a.m. to 11 a.m. only

- Higher Secondary Science Stream Gujarati Medium
  Biology, Chemistry (MSc BEd)
- Secondary English Medium
  Social Science (MA/BA BEd) Fluent in English
- Primary English Medium
  English, Maths (BA/BSc BEd) Fluent in English
- Primary Gujarati Medium
  All Subjects (HSC Passed obtaing 50% or more with PTC/BA BEd)

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# રાજ્યસભાની ૪ બેઠક માટે ૮ ઉમેદવારો

**ભાજપના ૪ કોંગ્રેસના ૨ અને ૨ અપક્ષોએ ઉમેદવારી નોંધાવી : આજે ઉમેદવારીપત્રની ચકાસણી**



ગાંધીનગર, તા. ૧૨

રાજ્યસભાની ખાલી પડતી ૪ બેઠકો માટે આજે બે અપક્ષ ઉમેદવારો સહિત ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં રાજકીય માહોલ ગરમાયો છે. જો કે આજે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીને પગલે વારંવાર રાજકીય ઉત્તેજનાઓ છવાઈ જતી જોવા મળી હતી.

કોંગ્રેસ પક્ષે ગઈકાલે જાહેર કરેલ બે ઉમેદવારો નારણભાઈ રાઠવા અને અમીબેન યાજ્ઞિકે જ ઉમેદવારી નોંધાવી છે.

ભાજપમાંથી પુરૂષોત્તમભાઈ રૂપાલા તથા મનસુખભાઈ માંડવિયા, કીરીટસિંહ રાણા અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. રજનીભાઈ પટેલે ડમી ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત કોંગ્રેસના અગ્રણી પી.કે. વાલેરાએ પણ આજે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત પરેશભાઈ મુલાણી નામના અપક્ષ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે.

આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી વડોદરા, સુરત, અમરેલી, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગરમાંથી બન્ને પક્ષના કાર્યકરો ઉમટ્યા હતા.

હવે ૧૩ તારીખે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે. તેમાં કેટલા ફોર્મ રદ થાય છે તેના પર આધાર છે. જો કે બન્ને પક્ષના સૂત્રો સર્વસંમતિથી ચૂંટણી બિનહરિફ થશે તેવુ જણાવી રહ્યા છે.

**વેચવાનો છે**

રેસ્ટોરન્ટને લગતો જુજ વપરાયેલો સામાન વેચવાનો છે

(કિચન, ફર્નિચર, ક્રોકરી અને કટલરી)

મો. ૮૯૮૦૪૫૬૩૩૪

## કોંગ્રેસના ઉમેદવાર કોણ રાઠવા કે શુકલા..?

**સતત રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે રાઠવાએ ઉમેદવારી નોંધાવી ભાજપે પણ ત્રીજો ઉમેદવાર ગણત્રીની મિનિટોમાં મુક્યો**

ગાંધીનગર, તા. ૧૨

કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની યાદી ગઈકાલે જાહેર થયા બાદ આજે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે પણ છેલ્લી ઘડી સુધી ઉમેદવાર બદલાઈ રહ્યાની વાતોને પગલે વિધાનસભા સચિવાલય સંકુલમાં રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો રહેવા પામ્યો હતો.

કોંગ્રેસ પક્ષના ઉમેદવારો અમીબેન યાજ્ઞિક અને નારણભાઈ રાઠવા અલગ અલગ સમયે ઉમેદવારીપત્ર ભરવા ચૂંટણી અધિકારી સમક્ષ પહોંચ્યા હતા. ૧૨ વાગ્યા સુધી તો અમીબેન યાજ્ઞિક વિધાનસભા ભવન સુધી પણ પહોંચ્યા ન હતા. તેઓ ૧૨.૩૦ની આસપાસ તેમનુ ઉમેદવારીપત્ર ભરવા પહોંચ્યા હતા. ત્યારે તેમની સાથે ગણ્યા-ગાંઠ્યા નેતાઓ અને કાર્યકરો હતા.

આ દરમ્યાન નારણભાઈ રાઠવા પાસે ''નો ડ્યુ''નું પ્રમાણપત્ર નહિ હોવાથી છેલ્લી ક્ષણોમાં ગુજરાતના નવા ઉમેદવાર તરીકે રાજીવ શુકલાનું નામ બહાર આવ્યુ હતુ.

એવી પણ વાતો ચાલી હતી કે રાજીવ શુકલા પહોંચી શકે તેમ નથી એટલે પ્રભાબેન તાવિયાડનું નામ ચર્ચામાં આવ્યું હતું. તો વળી આ વાતો દરમ્યાન જ પી.કે. વાલેરાને ઉમેદવારી પત્ર ભરવાની સૂચના પ્રદેશ નેતાઓએ આપી હતી.

દરમ્યાન દિલ્હીથી રાજીવ શુકલા નીકળી ગયા છે અને ૨.૨૦ સુધીમાં તેમનું પ્લેન ઉતરી જશે અને તેઓ મારતી ગાડીએ ગાંધીનગર પહોંચી ઉમેદવારી કરશે તેવી વાતોએ પુનઃ જોર પકડ્યુ હતુ. આ બધાની વચ્ચે પ્રદેશ નેતાઓ તેમના સત્તાવાર ઉમેદવારોમાં કોઈ ફેરફાર નથી તેવી વાતો કરતા હતા પરંતુ રાઠવાનું સર્ટિફિકેટ લઈ વડોદરાથી માણસો નીકળ્યા છે અને ટુંકમાં જ પહોંચશે તેવી વાતો ચાલતી હતી.

આ રાજકીય ઉત્તેજનાઓ એટલી બધી તીવ્રતા ધરાવતી હોવાથી ભાજપ તરફથી ત્રીજા ઉમેદવાર તરીકે કીરીટસિંહ રાણાએ ફોર્મ પણ દંડક પંકજ દેસાઈની સાથે આવી ચૂંટણી અધિકારીને આપી દીધુ હતુ. ત્યાં જ ૨.૩૦ના સુમારે કોંગ્રેસના ઉમેદવાર નારણભાઈ રાઠવા પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ અને અન્ય પ્રદેશ નેતાઓ સાથે લિફ્ટમાં ચૂંટણી અધિકારીની કચેરી પાસે આવી પહોચ્યા હતા. લિફ્ટમાંથી બહાર નીકળી કોંગી આગેવાનો તેમને દોડાવતા દોડાવતા ચૂંટણી અધિકારીની કચેરીમાં લઈ પહોંચ્યા હતા.

તેમણે ઉમેદવારી પત્ર ભરી દીધા બાદ પી.કે. વાલેરાએ પણ તેમનું અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ રજુ કર્યુ હતુ. આ પછી પરેશ મુલાણી નામના ઉમેદવારે પણ તેનુ ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે પરેશ મુલાણીમાં ટેકો આપનાર ધારાસભ્યોમાં કોઈ નામ નહિ હોવાથી ચકાસણી દરમ્યાન તેની ઉમેદવારી રદ થવાની સંભાવનાઓ છે. સત્તાવાર ઉમેદવારોના ફોર્મ મંજૂર થઈ ગયા બાદ મેદાનમાં રહેતા ઉમેદવારો ઉમેદવારીપત્ર પાછી ખેંચી લેશે તેમ મનાઈ રહ્યું છે.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com